ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

Hemant Shah, President | Pathik Patwari, Sr. Vice President | Sanjeev Chhajer, Vice President | Sachin Patel, Hon. Secretary | Mahesh Puj, Hon. Secretary (R) | Navroz Tarapore, Hon. Treasurer

૨૯ જાન્યુઆરી, ૨૦૨૨ / 15129

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય: આપની સાથે તા.૨૯-૧-૨૦૨૨ના રોજ થયેલ મિટિંગમાં ચર્ચા થયા મુજબ GCCIની રીજનલ ચેમ્બર સાથેની મિટિંગ તેમજ મહાસંમેલન યોજવા માટે અનુકૂળ સમય ફાળવવા બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપશ્રી દ્વારા આજ રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો સાથે મિટિંગ માટે સમય ફાળવવા તેમજ વેપાર-ઉદ્યોગના અગત્યના મુદ્દાઓને સાંભળવા અને ઘણાં મુદદાઓમાં તાત્કાલિક ધોરણે યોગ્ય પગલાં ભરવાની ખાતરી આપવા બદલ આપશ્રીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

GCCIની કારોબારી સમિતિમાં ગુજરાત રાજ્યના મુખ્ય ઝોનના પ્રતિનિધિ ચેમ્બરો સભ્ય તરીકે સમાવેશ છે. આ ચેમ્બરો GCCIની રીજનલ ચેમ્બરો તરીકે ઓળખાય છે GCCIના નેજા હેઠળ સંયુક્તપણે સંપૂર્ણ ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે. મિટિંગમાં ચર્ચા થયા મુજબ GCCIના રીજનલ ચેમ્બરના પ્રમુખ/સેક્રેટરી સાથે લગભગ ૨૦ વ્યક્તિઓના પ્રતિનિધિમંડળની આપની સાથે મુલાકાત કરવા માટે ફેબ્રુઆરી-૨૦૨૨ના માસમાં સમય ફાળવવા વિનંતી છે.

વધુમાં મિટિંગ દરમ્યાન આપશ્રીને GCCI દ્વારા વર્ષ-૨૦૧૬માં GCCI દ્વારા આયોજીત મહાસંમેલન અંગે જણાવ્યું હતું તેમજ આ મહાસંમેલનમાં વિવિધ વિભાગોના પ્રશ્નોના નિરાકરણનું સંકલન આપની જાણ સારુ આપેલ હતું. આ વર્ષે પણ આ મહાસંમેલનનું આયોજન આપની ઉપસ્થિતિમાં કરવા ઈચ્છીએ છીએ. આપશ્રીના સૂચન મુજબ માર્ચ મહિનામાં બજેટ સત્ર પછી મહાસંમેલનનું આયોજન કરી શકાય તો આપશ્રીને અનુકૂળ તારીખ અને સમય ફાળવવા વિનંતી છે જેથી મહાસંમેલનનું આયોજનની તૈયારીઓ કરી શકાય.

ફરી એક વાર આપશ્રીનો કિંમતી સમય ફાળવવા બદલ આભાર.

આપનો વિશ્વાસુ,

**હેમંત શાહ**
**પ્રમુખ.**

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad